	सत्यमेव जयते	દાખલ તારીખ: –	૩૧/૧૨/૨૦૨૪
		નોંધ્યા તારીખ: –	૩૧/૧૨/૨૦૨૪
		ફેંસલ તારીખ:–	૨૪/૧૧/૨૦૨૫
		સમયગાળોઃ –	વર્ષ–માસ– દિવસ
			૦૦–૧૦–૨૪

<u>અમદાવાદના મે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી (શ્રી જે.એ.રાણા)</u>
<u>સાહેબની કોર્ટ સમક્ષ, મુ. અમદાવાદ</u>

ફોજદારી કેસ નં.૬૪૧/૨૦૨૪
આંકઃ–

<u>ફરિયાદીઃ–</u>

ઈબ્રાહીમ શેખ,
તે યશ બેંક લીમીટીડના ઓથોરાઈઝડ પર્સન,
ઉ.વ. પુખ્ત, ધંધો: નોકરી,
રહે. રીટેઈલ લીગલ, WS NO.૦૧૫૫ થી ૦૧૫૭,
બીજો માળ, યુનીટ નં. જી/૩, ૧૦૨–૧૦૩,
સી.જી રોડ, અમદાવાદ– ૩૮૦૦૦૯,

<u>વિરુદ્ધ</u>

<u>આરોપીઃ–</u>

વિક્રમભાઈ રાઠવા
ઉ.વ.૩૨ વર્ષ, ધંધોઃ– કડિયાકામ,
રહે. ફ્લેટ નં. ૨૦૩, મંગલા રેસીડેન્સી,
સમા સાવલી રોડની નજીક,
વડોદરા – ૩૯૦૦૨૪

<u>બાબતઃ– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ.</u>

....

ફરિયાદ પક્ષ તરફે વિ. વ.શ્રીઃ– રાકેશકુમાર એલ. જૈન

આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રીઃ– સાગર જી. જયસ્વાલ

....

<u>જજમેન્ટ</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી યશ બેંક લી. બેંકના અધિકુત અધિકારી છે તેઓએ સક્ષમ ઓથોરીટી દ્રારા હાલની ફરિયાદ દાખલ કરી છે. સદર બેંક ધી કંપનીઝ એક્ટ ૧૯૫૬ અન્વયે તેમજ બેંકીગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯ મુજબ બેંકીગનું કામકાજ કરે છે. આ કામના આરોપી ફરિયાદી બેંક પાસેથી લોન એગ્રીમેન્ટ મુજબ પુરી કરવાની જવાબદારી તોહમતદારની હતી પરંતુ આરોપીએ એગ્રીમેન્ટ મુજબ લોનની ભરપાઈ કરી શકે નહી. જેથી ફરિયાદી દ્રારા આરોપી પાસે બાકી લોનની રકમની માંગણી કરતા આરોપીએ તેમની દેના બેંક (બીઓબી)નો ચેક નં.૦૫૧૦૭૩ રૂ.૧૮,૧૦,૦૦૦/–નો તા.૧૨/૧૧/૨૦૨૪ના રોજનો ચેક પોતાની સહી કરીને લખી આપેલો અને સદર ચેક આપતી વખતે આરોપીએ ફરિયાદીને પાક્કો વિશ્વાસ અને ભરોશો આપેલ કે સદર ચેક બેંકમાં રજુ કરશો તો તમોને તમારી લેણી નીકળથી રકમ મળી જશે જેથી ફરિયાદીએ સદર ચેક આરોપી ઉપર ભરોશો રાખી સ્વીકારેલ હતો. ત્યારબાદ આરોપી દ્રારા આપવામાં આવેલ ચેક ફરિયાદીએ તેમની ખાતાવાળી બેંકમા રજુ કરતા સદર ચેક બેંક રીટર્ન મેમા **બેંક બ્રાંચ બ્લોક** શેરા સાથે પરત આવેલ જેથી ફરિયાદીએ તેમના વિ.વ.શ્રી દ્રારા આરોપીને રજીસ્ટર પોસ્ટ એ.ડી થી તા.૨૧/૧૧/૨૦૨૪ના રોજ ડીમાન્ડ નોટિસ મોકલાવેલ જે નોટિસ

તા.૨૫/૧૧/૨૦૨૪ના રોજ તહોમતદારોને મળી ગયેલ છે. આમ આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી કે ચુકવવાની કોઈ તૈયારી બતાવેલ નથી જેથી ફરિયાદીએ આએરોપી વિરુદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની હાલની ફરિયાદ દાખલ કરી, આરોપીને સખતમાં સખત સજા કરવા તથા ચેકની બમણી રકમ વળતર પેટે આરોપી પાસેથી આપવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામે ફરિયાદ અનુસંધાને ફરિયાદીનું વેરીફીકેશન લઈ આંક–૧ નીચે ફરિયાદ રજીસ્ટરે કરવાનો તથા **આરોપી નં. ૧ સામે પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા આંક ૧ નીચે હુકમ કરવામાં આવતા** આરોપી નં. ૧ સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલો. ત્યારબાદ આરોપીને ધોરણસરનો સમન્સ બજી જતાં તેમના વિ.વકિલશ્રી મારફતે હાજર થયેલ છે. આરોપીને ફરિયાદીની તેમજ રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલી છે. ત્યારબાદ આરોપીની પ્લી લેવામાં આવેલી છે. જેમાં આરોપીએ ફરિયાદી મુજબનો ગુન્હો કરેલાનો ઈન્કાર કરતાં આરોપી સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

(૩) આ કામના ફરિયાદ પક્ષ તરફથી નીચે પ્રમાણે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

–:: મૌખિક પુરાવો ::–

ક્રમ	વિગત	આંક
૧.	ફરીયાદી યશ બેંક લી. વતી ઓથોરાઈઝ્ડ પર્સન ઈબ્રાહીમ શેખનું સરતપાસનું સોગ્રધનામું	૩

–:: દસ્તાવેજી પુરાવો ::–

ક્રમ	વિગત	આંક
૧.	કંપનીએ આપેલ પાવર ઓફ એટર્ની(નોટરાઈઝ નકલ)	૧૧
૨.	આરોપીએ આપેલ ચેક નં.૦૫૧૦૭૩ (અસલ)	૧૨
૩.	ફરિયાદીની બેંકનું રિર્ટન મેમો(અસલ)	૧૩
૪.	આરોપીને મોકલાવેલ નોટિસ (ઓફિસ કોપી)	૧૪
૫.	નોટિસ મોકલ્યાની કોમ્પ્યુટર સ્લીપુ(અસલ)	૧૫
૬.	નોટિસ બજ્યા અંગેનો ટ્રેક રિપોર્ટ	૧૬

(૪) ઉપરોકત ફરિયાદીનો પુરાવો પુરો થયા બાદ ફરિયાદી તરફે કલોઝીંગ પુરસીસ રજૂ થતાં ફરિયાદીનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં માટે મુલત્વી હતું, પરંતુ ત્યારબાદ આરોપી તર્ફે આરોપી ધ્વારા તેમનો કોઇ વિશેષ પુરાવો આપવા માંગે છે તે બાબતે કોઇ અરજી આપવામાં આવેલી નથી કે વિશેષ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી આરોપી ને પોતાનો બચાવ કરવા માટે પુરતી તકો આપવામાં આવેલ છે અને તેમછતા આરોપી ધ્વારા તેમના બચાવ માં કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે ફરીયાદી ની ફરીયાદ હકીકત ને ખંડન થાય તે માટે કોઇ પ્રયત્ન કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદી ની ફરિયાદ હકીકત માં જણાવેલ હકીકતો ને

આરોપી પક્ષે પડકારેલી ન હોઇ ફરીયાદી ની ફરીયાદ હકીકત નહી માનવા માટે પણ કોઈ કારણ રહેતું નથી.

(૫) દલીલો :–

ફરિયાદીના વિ.વ.શ્રીની દ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલી છે અને તેઓએ એવી દલીલ કરેલી છે કે ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવ્યા મુજબની હકીકત સાબિત કરેલી છે અને નેગોસિબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટમાં કરવામાં આવેલુ કોઈ મુજબ ફરિયાદી ની તરફેણમાં અનુમાન કરવા માટેની જોગવાઈ કરવામાં આવેલી છે અને તે નેગોસિબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૯ અને કલમ ૧૧૮–એ નું ખંડન કરવાની જવાબદારી આરોપીની રહેલી છે જો આરોપી દ્વારા ફરિયાદીની ફરિયાદ હકીકત અને રજુ કરેલ દસ્તાજી પુરાવા અંગે ખંડન કરવામાં આવે તો જ ફરિયાદીએ વધુ પુરાવો રજૂ કરવાનો રહે છે અન્યથા ફરિયાદીએ ફરિયાદ હકીકત જે લખાવેલી છે અને જે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે તે દસ્તાવેજી પુરાવા અને ફરિયાદીની ફરિયાદમાં હકીકત ને માનવાની રહે છે તે અંગે એવી પણ ધારણા કરવાની રહે છે કે આરોપીએ જે ચેક આપેલો છે તે ચેક ફરિયાદીના કાયદેસરના લેણા પેટે આપવામાં આવ્યો છે અને જેથી ફરિયાદની ફરિયાદ હકીકત અને રજુ થઈ દસ્તાવેજ પુરાવા ધ્યાને લેતા આરોપી તરફથી કોઈ ખંડન કરવામાં આવેલ નથી અને જેથી ફરિયાદ હકીકત માની નેગોસિબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ આરોપીને સજા કપરાપાત્ર રહે છે. આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી ધ્વારા ફરીયાદપક્ષ ના પુરાવાનું ખંડન કરવામાં આવેલ નથી અને આરોપી પક્ષ તરફ થી પણ કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૬) ઉપરોક્ત હકીકતને આ કેસના ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: <u>મુદ્દાઓ ::</u>–

(૧) શું ફરિયાદી નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીની આરોપી પાસેથી રૂ.૧૮,૧૦,૦૦૦/– કાયદેસરની લેણી રકમ નીકળે છે ?

(૨) શું ફરિયાદી નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ કાયદેસર દેવાપેટેની ચુકવણી કરવા માટે આંક–૧૨ વાળો ચેક ફરિયાદીને આપેલ છે?

(૩) શું ફરિયાદી નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ આપેલ તકરારી ચેક આરોપીને બેંકના ખાતામાં નિયત સમય મર્યાદામાં રજૂ થતાં બેંક બ્રાંચ બ્લોકના શેરા સાથે પરત ફરેલ છે?

(૪) શું ફરિયાદી નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ આપેલ તકરારી ચેક પરત ફરત આરોપીને કાયદા મુજબ નોટીસ આપેલી છે ? અને કાયદામાં જણાવ્યા મુજબ– ૧૫ દિવસનો સમય પુરો થવા છતા ચેકમાં જણાવેલ રકમ ન ચુકવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૫) શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) "હકારમાં"

(૨) "હકારમાં"

(૩) "હકારમાં"

(૪) "હકારમાં"

(૫) આખરી હુકમ મુજબ.

<u>– :: કારણો ::–</u>

<u>મુદ્દા નં.૧ અને ૨ ની સંયુક્ત ચર્ચા</u>

(૮) પ્રસ્તુત કેસની હકીકતો જોતાં હકીકતો અને પુરાવાનું પુનરાવર્તન ટાળવા માટે મુદ્દા નં. ૧ અને ૨ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૯) ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરવામાં આવેલ કાયદાકીય જોગવાઇઓને ધ્યાનમાં રાખીને સદર ફરિયાદના કામે આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહેતું હોય સૌ પ્રથમ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટમાં કરવામાં આવેલ અગત્યની જોગવાઇઓ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

(૧૦) ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ માં જે ચેક આપવામાં આવેલ હોય ત્યારે કરવામાં આવતા અનુમાન અંગે કરવામાં આવેલી જોગવાઇઓ ધ્યાને લેવામાં આવે તો,

<u>SECTION 118 : Presumptions as to negotiable instruments.</u>

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) of consideration that every negotiable instrument was made or **<u>drawn for consideration</u>**, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

આમ, નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ માં અનુમાન કરવામાં આવેલ છે કે, જયારે કોઈ ચેક લખવામાં આવેલો હોય કે આપવામાં આવેલો હોય ત્યારે તે ચેક અવેજ પેટે આપવામાં આવેલો છે એવું અનુમાન કરવાનું છે.

(૧૧) હવે સદર કેસની પ્રસ્તુત હકીકતો અને પુરાવાને ધ્યાને લેતાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) ની સાથે વાંચતા કલમ–૧૩૮ માં કરવામાં આવેલી જોગવાઇ ધ્યાને લેવી જરૂરી છે.

SECTION 138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation. For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.]

સદર કલમમાં **"debt or other liability"** વિશે ખુલાસો કરવામાં આવેલ છે કે,

For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

ફરિયાદીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવાને ધ્યાને લેતાં આરોપી એ આપેલ ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોય ત્યારે ફરિયાદીની તરફેણમાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઇ મુજબ કલમ–૧૧૮(એ)નું અનુમાન કરવાનું રહે છે જે અનુમાન રીબર્ટેબલ છે. ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ માં અનુમાન કરવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો,

<u>SECTION 139 : Presumption in favour of holder.</u>

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.]

જો આરોપી વિરૂધ્ધનું પુરવાર ન કરે તો આરોપીએ આપેલો ચેક સમગ્ર કે અંશત: દેવાની જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ છે તેવું માનવાનું રહે છે.

(૧૨) સદર કામે ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ફરિયાદ કરેલ હોય સદર કાયદા અન્વયે આ કામે જે ફરિયાદવાળો ચેક રજૂ કરવામાં આવેલ છે, તે આરોપીએ ફરિયાદીને સમગ્ર કે અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ છે, તેવું અનુમાન કાયદાની કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબ થાય છે, પરંતુ સદર અનુમાન ખંડીત થવા પાત્ર છે, એટલે જો આરોપી વિરૂધ્ધની હકીકત પુરવાર કરે તો, તે

અનુમાનનો લાભ ફરિયાદીને મળે નહીં જેને નજર સમક્ષ રાખી પ્રસ્તૃત કેસમાં ઉપલબ્ધ રેકર્ડ ઉપરના પુરાવા મુજબ આરોપી દ્વારા સદર અનુમાન ખંડીત કરેલ છે કે કેમ? તેની ચર્ચા કરવાની રહે છે.

(૧૩) ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ કોર્ટ સમક્ષ જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ઉપલબ્ધ હોય તેનું ઝીણવટભરી રીતે મુલ્યાંકન કરી તે આધારે કોર્ટે આખરી નિર્ણય કરવાનો રહે છે. આ કામે રજૂ થયેલા દસ્તાવેજોને ઔપચારીક પુરાવાની જરૂર રહેતી નથી અને તેને પુરાવામાં વંચાણે લઈ શકાય, પરંતુ તેવા દસ્તાવેજી પુરાવામાં રહેલી વિગતોને પુરવાર કરવાની ફરિયાદીની જવાબદારી રહેલી છે અને તેના આધારે આ કામે રજુ થયેલ દસ્તાવેજી અને મૌખિક પુરાવાનું મુલ્યાંકન કર્યા સિવાય જો ફરિયાદીનો કેસ માની લેવામાં આવે તો તે ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું ગણાય, તેથી માત્ર દસ્તાવેજી પુરાવાને આંકે પાડવાથી અને તે કારણે દસ્તાવેજો પુરાવામાં વંચાણે લેવા માત્રથી તે દસ્તાવેજી પુરાવાની યર્થાથતા આપોઆપ પુરવાર થઈ જતી નથી, પરંતુ તેવા દસ્તાવેજી પુરાવામાં રહેલી વિગતોની યર્થાથતા અને ખરાપણું રજૂ થયેલ સંપૂર્ણ પુરાવાઓનું મુલ્યાંકનના આધારે જ નકકી કરી શકાય છે. દસ્તાવેજોને આંકે પડી જવાથી તે મજકુર દસ્તાવેજી પુરાવો આરોપી વિરૂધ્ધ પુરવાર થયેલા હોવાનું માની શકાય નહીં.

(૧૪) <u>ફરિયાદપક્ષના કેસની હકીકત ::–</u>

પ્રસ્તૃત કેસની હકીકત જોઈએ તો, આ કામના ફરિયાદીએ તેમની ફરિયાદ હકીકત ને સમર્થનકારી સોંગદ ઉપર જુબાની આપેલી છે તે ઉપરાંત તેમની જુબાની સાથે જરૂરી દસ્તાવેજી પુરાવાઓ પણ ફરિયાદના સમર્થનમાં રજૂ કરેલ છે. જે સોગંદ ઉપરની જુબાની ફરિયાદ હકીકતને સમર્થન થાય તે મુજબની આપેલી છે. સદર ફરિયાદીએ પોતાના સરતપાસમાં ફરિયાદમાં જણાવ્યા મુજબની જ હકીકત જણાવેલી હોય જેથી તેની અહીં પુનરાવર્તન ટાળવાના હેતુસર ફરીવાર વિગતે ઉલ્લેખ કરેલ નથી.

–:: પુરાવાનું મુલ્યાંકન ::–

(૧૫) સદર કામનાં ફરિયાદીએ હાલની જે ફરિયાદ કરેલ છે તે ફરિયાદની હકિકત ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદીના પુરાવાનું કોઇ ખંડન કરવામાં આવેલ ન હોય ફરિયાદ પક્ષની હકીકત ન માનવા માટે કોઇ કારણ રહેતું નથી તેવા સંજોગોમા આરોપી પક્ષે સદર ચેક ફરિયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ નથી તેવી હકીકત સાબીત કરવામાં અને ફરિયાદીની તરફેણમાં રહેલ અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલા છે. આરોપી પક્ષ ધ્વારા કોઇ લેખીત દસ્તાવેજી પુરાવો કે અન્ય કોઇ પુરાવો રજુ કરેલો નથી. તેવા સંજોગોમાં જયાં સુધી કોઈ વિરૂધ્ધનું આરોપી પક્ષ પુરવાર ન કરે ત્યાં સુધી તેવો ચેક દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલો છે તેવું અનુમાન કરવાનું રહેશે. સદર કેસની હકીકતો જોતા ઉપર ચર્ચા કરી તેમ આરોપી તરફથી આપવમાં આવેલો ચેક એ કોઈ અસ્તીત્વ ધરાવતા દેવા કે જવાબદારી પેટે આપવા માં આવેલો હોઈ તેવું ફલિત થતું હોય ત્યારે કલમ–૧૩૯ નું અનુમાન ફરિયાદીની તરફેણમાં ઉભું થાય છે. નામદાર સુપ્રીમ કોર્ટ ના **M/s. Kumar Exports v. M/s. Sharma Carpets - AIR 2009 SUPREME COURT 1518** ના ચુકાદામાં પુરાવાનો બોજો કેવી રીતે રીબર્ટ થઇ શકે તે અંગેની ચર્ચા કરવામાં આવેલ છે. જે જોવામાં આવે તો, what shall be the standard of rebuttal has been best clarified for the purpose the Hon'ble Apex Court reads it as ***"The use of the phrase "until the contrary is proved"*** *in Section 118 of the Act and use of the words* ***"unless the contrary is proved"*** *in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is*

rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the

purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence

adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue". જે કાયદેસરની લેણી રકમની ચુકવણી કરવા માટે આરોપીએ ફરિયાદવાળો ચેક ફરિયાદીને આપેલ છે તેવું ફલિત થતું હોય કલમ ૧૧૮(એ) અને ૧૩૯ માં કરવામાં આવેલ અનુમાનનું ખંડન થયેલ ન હોય અને જેથી આરોપીએ વાહન જમા કરાવી દીધેલ છે કે, ફરીયાદીએ જમા લીધેલ છે તે બાબતે નો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઇ જે ફરીયાદ પક્ષ ની હકીકતો નહી માનવા માટે નું કોઇ કારણ જણાતુ ન હોઇ **મુદ્દા નં. ૧ અને ર નો જવાબ ''હકારમાં '' ઠરાવવામાં** આવે છે.

(૧૬) **<u>મુદ્દા નં. ૩ ની ચર્ચા:–</u>**

આ કામના ફરિયાદીએ રજુ કરેલો તકરારી ચેક નિયત સમય મર્યાદામાં બેન્કમાં રજૂ કર્યા બાદ સદર ચેક **બેંક બ્રાંચ બ્લોકના** શેરાથી પરત ફરેલ છે અને તે અંગેનો બેન્કનો રીટર્ન મેમો પણ રજૂ કરેલ છે તે અંગે બચાવ પક્ષે કોઈ તકરાર લીધેલ નથી કે બેન્ક ખાતા અંગે પણ આરોપીએ કોઈ તકરાર ઉઠાવી નથી તે તમામ હકીકત અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફરિયાદવાળો ચેક અપુરતા ભંડોળના શેરા સાથે પરત થયેલ હોવાનું પુરવાર થાય છે તેથી **મુદ્દા નં. ૩ નો જવાબ ''હકારમાં ''** આપવામાં આપવામાં આવે છે.

(૧૭) **<u>મુદ્દા નં. ૪ ની ચર્ચા :–</u>**

મુદ્દા નં. ૪ અંગે ફરિયાદ હકીકત મુજબ તકરારી ચેક પરત ફરતા આરોપીને ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે રજી.પો.એડી.થી નોટીસ મોકલી આપેલ અને તે આ કામે રજુ કરવામાં આવેલ છે અને તેમની જુબાનીમાં સોગંદ ઉપરની

સરતપાસની જુબાનીથી સમર્થન મળે છે. ફરિયાદીએ જે નોટીસ આપેલ છે તેની સ્થળપ્રત રજૂ કરેલ છે અને આરોપીને નોટીસ બજી ગયેલ છે તે અંગે પોસ્ટ ખાતાનો ઓનલાઇન ટ્રેક કન્સાઇનમેન્ટ રીપોર્ટ રજૂ કરેલ છે. તે જોતા સદર નોટીસ આરોપીના સરનામે મોકલી આપવામાં આવેલ છે તેવા સંજોગોમાં આરોપીને નોટીસ મળેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે જે હકીકત મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાથી પણ પુરવાર થાય છે. જેથી **મુદ્દા નં. ૪ નો જવાબ ''હકારમાં ''** આપવામાં આવે છે.

(૧૮) ઉપરોકત કરેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા માનવાને કારણ છે કે, સદર આરોપી એ ફરિયાદીને પોતાના દેવાની ચુકવણી કરવા માટે તકરારી ચેક આપેલો છે અને તે ચેક બેન્કમાં રજુ કરતા ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરતા સમય મર્યાદામાં ડીમાન્ડ નોટીસ આપેલી હોઈ અને તે સમય મર્યાદામાં આરોપીએ ફરિયાદીને રકમની ચુકવણી કરેલી ન હોઈ ત્યારે ફરિયાદી પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવમાં સફળ રહેલ છે તેમ માની આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ નો સજા પાત્ર ગુનો કરેલ હોવાનું ફલિત થાય છે. જેથી **મુદ્દા નં. ૪ નો જવાબ ''હકારમાં ''** આપી આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના હેઠળ સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને અત્રેની અદાલત ફરિયાદી ને વળતર અપાવવું જરૂરી અને ન્યાયી માને છે.

(૧૯) નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, તેમાં જો આ કલમ હેઠળનો ગુનો સાબીત થાય તો, સાબિત થયે આરોપીને બે વર્ષ ની સજા અને ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બન્ને એ રીતની જોગવાઈ કરવામાં આવેલ છે અને સદર ગુનાના કામે આરોપીએ ફરિયાદને ચેક આપેલ છે અને તે રકમ ફરિયાદીની લેણી રકમ નીકળે છે. સદર કામના આરોપી દ્વારા ફરિયાદીની કાયદેસરની લેણી રકમની ચુકવણી કરવામાં આવેલ ન હોય તેમજ હાલમાં જયારે સમાજમાં આર્થિક પ્રકારનાં ગુનાઓનું પ્રમાણ વધી રહેલ છે અને ચેક જેવા ઈન્સ્ટ્રુમેન્ટની

વિશ્વસનીયતા ઘટતી જાય છે ત્યારે જો આરોપી સામેનો ગુનો સાબિત થયા બાદ પણ અદાલત દ્વારા આરોપી પ્રત્યે કોઈ ખાસ કારણો સિવાય હળવો અભિગમ અપનાવી આરોપીને યોગ્ય સજા કરવામાં ન આવે તો સમાજમાં તેની વિપરીત અસર થાય અને વિશેષ કરીને જયારે ગુનો નાણાંકીય વ્યવહારને લગતો હોય અને તેમાં ફરિયાદીએ વિશ્વાસ અને ભરોસાના આધારે આરોપી સાથે નાણાંકીય લેવડ દેવડ કરી હોય ત્યારે આરોપી દ્વારા સદર વિશ્વાસ ભરોસાના ભંગ નું કૃત્ય આચરવામાં આવે ત્યારે નાણાંકીય વ્યવહારોની પારર્દશકતા જળવાય નહીં અને ધારાસભા દ્વારા સદર કાયદો ઘડવા પાછળનો જે હેતુ છે તે માર્યો જાય. તેવા સંજોગોમાં સમાજનો કાયદામાં વિશ્વાસ બની રહે તેમજ આવા પ્રકારના આર્થિક ગુનાઓ કરતા આરોપીઓ અટકે અને આર્થિક પ્રકારના વ્યવહારની વિશ્વસનીયતા મજબુત થાય તેમજ તેમાં પારદર્શકતા આવે તે માટે પણ આરોપીને કાયદાથી ઠરાવેલી સજા કરવી ન્યાયોચીત સમજુ છું તેમજ જયારે આગળ ચર્ચા કરી તેમ આ પ્રકારના નાણાંકીય વ્યવહારો વિશ્વાસ અને ભરોસાનું તત્વ હોય છે આરોપી દ્વારા આવું કૃત્ય આચરી ફરિયાદીનો વિશ્વાસ અને ભરોસો ભંગ કર્યો હોય તેના કારણે ફરિયાદીને મોટુ આર્થિક નુકશાન સહન કરવું પડેલું હોય અને જયારે આરોપીની કાયદેસર રીતે ફરિયાદીની કાયદેસરની લેણી રકમની ચુકવણી કરવાની જવાબદારી બનતી હોય છે ત્યારે ન્યાયની અદાલતની તે ફરજ બની રહેલ છે કે ફરિયાદી ભોગ બનનારની સ્થિતિ અંગે વિચારણા કરે અને આરોપી આવા પ્રકારના ફરી વખતના ગુનાઓ કરતા અટકે તે હેતુથી આરોપી સામેનો ગુનો સાબિત થયેલો હોય ત્યારે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ખાસ કાયદામાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ ચેકની રકમની બમણી રકમ સુધીનો દંડ કરી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલ હોય તે વંચાણે લેતા તે દંડની રકમમાંથી ફરિયાદીને તેમની ચેકની રકમ મુજબનું વળતર ચુકવી શકાય છે તેવું **નામદાર સુપ્રિમ કોર્ટના R. Vijayan vs Baby** & **Anr CRIMINAL APPEAL NO.** 1902 **OF** 2011 ડિવીઝન બેંકના ચુકાદામાં સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, Para 17. We are conscious of the fact that proceedings under section 138 of the Act

cannot be treated as civil suits for recovery of the cheque amount with interest. We are also conscious of the fact that compensation awarded under section 357(1)(b) is not intended to be an elaborate exercise taking note of interest etc. Our observations are necessitated due to the need to have uniformity and consistency in decision making. In same type of cheque dishonour cases, after convicting the accused, if some courts grant compensation and if some other courts do not grant compensation, the inconsistency, though perfectly acceptable in the eye of law, will give rise to certain amount of uncertainty in the minds of litigants about the functioning of courts. Citizens will not be able to arrange or regulate their affairs in a proper manner as they will not know whether they should simultaneously file a civil suit or not. The problem is aggravated having regard to the fact that in spite of section 143(3) of the Act requiring the complaints in regard to cheque dishonour cases under section 138 of the Act to be concluded within six months from the date of the filing of the complaint, such cases seldom reach finality before three or four years let alone six months. These cases give rise to complications where civil suits have not been filed within three years on account of the pendency of the criminal cases. While it is not the duty of criminal courts to ensure that successful complainants get the cheque amount also, it is their duty

to have uniformity and consistency, with other courts dealing with similar cases.

18. One other solution is a further amendment to the provision of Chapter XVII so that in all cases where there is a conviction, there should be a consequential levy of fine of an amount sufficient to cover the cheque amount and interest thereon at a fixed rate of 9% per annum interest, followed by award of such sum as compensation from the fine amount. This would lead to uniformity in decisions, avoid multiplicity of proceedings (one for enforcing civil liability and another for enforcing criminal liability) and achieve the object of Chapter XVII of the Act, which is to increase the credibility of the instrument. This is however a matter for the Law Commission of India to consider. આમ નામદાર સુપ્રિમ કોર્ટ પ્રસ્થાપિત કરેલ ચુકદાને ધ્યાને લેતા ન્યાયના હિતમાં **મુદ્દા નં. ૫** અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>–:: આખરી હુકમ ::–</u>

(૧) **વિક્રમભાઈ રાઠવા ઉ.વ.૩૨ વર્ષ, ધંધોઃ– કડિયાકામ રહે. ફ્લેટ નં. ૨૦૩, મંગલા રેસીડેન્સી, સમા સાવલી રોડની નજીક, વડોદરા – ૩૯૦૦૨૪, વડોદરા, ગુજરાત.** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૮ મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હામાં કસુરવાર ઠરાવી **એક (૧) વર્ષ ની સાદી કેદ ની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) **વિક્રમભાઈ રાઠવા ઉ.વ.૩૨ વર્ષ, ધંધોઃ– કડિયાકામ રહે. ફ્લેટ નં. ૨૦૩, મંગલા રેસીડેન્સી, સમા સાવલી રોડની નજીક, વડોદરા –**

૩૯૦૦૨૪, વડોદરા, ગુજરાત. નાઓને ચેકની રકમ રૂ.૧૮,૧૦,૦૦૦/- ફરિયાદીને વળતર પેટે **દિન-૩૦** માં ચુકવી આપવાનો આરોપીને હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી આજરોજ હાજર નથી કે આરોપી તરફે કોઇ રીપોર્ટ નથી. જેથી આરોપી સામે સજાની અમલવારી થવા માટે આરોપીનું ધરપકડનું વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી હાજર થયેથી આરોપીને ચુકાદાની સોફ્ટ કોપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૪ મી, માહે-નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
JITENDRASINH ABHESINH RANA
Reason: JUDGMENT PRONOUNCE
at VERAVAL
on 24/11/2025 12:49:29 IST.

સ્થળ : અમદાવાદ તારીખ: ૨૪/૧૧/૨૦૨૫	**(જીતેન્દ્રસિંહ અભેસિંહ રાણા)** **એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ** **SARAS Court No. 4** **CJM Courts, Ahmedabad City,** **JUDGE CODE - GJ 01338**